Research Guru
Online Journal of Multidisciplinary Subjects (ISSN : 2349-266X)
www.researchguru.net
Volume-18, Issue-4, March-2025

# ‘ખાવલા પીવલા અને નાચુલા’ આદિવાસીઓના આનંદનો ઔચ્છવ એટલે હોળીના ગીતો ને હોળી

ડૉ. જયેશ રાષ્ટ્રકૂટ

‘ખાવલા પીવલાં અને નાચૂલા’ જેમનો જીવનમંત્ર છે, જે જીવન જીવવાને, અને માણવાને જ મંત્ર માને છે, જેમાં ભારતીયતા ડગલે ને પગલે છલકે છે, જેઓએ પોતાના મૂળ હજુ પ્રકૃતિ સાથે જાળવી રાખ્યા છે, જીવનનો દરેક શ્વાસ પ્રકૃતિદત્ત છે, એવું માનનારા અને જીવનારા, આજે પણ અનુબંધ અકબંધ છે, જે પોતાના વારસાનું માહાત્મ્ય કરીને વિશ્વ આખાનું ધ્યાન ખેંચ્યું છે એવા આદિવાસીઓ દૂર પેટિયું રળવા કે નોકરીના કારણે ક્યાંય પણ દૂર હોય તો આ સમયે અચૂક વતન આવી જાય  હોળી બાઈ પર તેઓ ઓળઘોળ છે. હોળી એમનો અતિ પ્રિય તહેવાર છે, ખરી રીતે ઉત્સવ ઉજવે છે, દરમ્યાન ગીતો ગાવા,તારપુ,પાવી,કાહળી, તૂર-થાળી, માદળ, ઢોલક,નગારા મંજીરાં વગેરે વાદ્યોની મસ્તીમાં ઝૂમી ઉઠે છે.

આદિવાસી માટે હોળી એટલે ‘ખાવલા પીવલા અને નાચુલા’ હોળીનો તહેવાર આહવા-ડાંગમાં શીમગા તરીકે ઓળખાય છે. ચૌધરી જ્ઞાતિમાં લોકો ગવાતા ગીતોને લોળાં કે લોલાં તરીકે ઓળખાય છે. કેટલાક આદિવાસીઓ તમાશા પાર્ટીઓ ફરી ફરીને ભવાનીમાતા લાકડાનો ઘોડો,સ્ત્રી( પાતર)ની વેશભૂષાઅબીલ ગુલાલ ણી છોળો વચ્ચે થાળી લઈ ફાળો ઉઘરાવવા આવે છે જેને હોળીનો ‘ફગવો’ કહે છે ,અતિ લાગણીશીલ એવા આદિવાસીને હોળી રમતા જોવા એ લાહ્વો છે. ઊગમણેથી આવનારી એ 'જોગણી 'માતા કહેવાય છે. હોળી આવેને આદિવાસીઓ માટે પોષણ, આનંદ અને રંગરાગ લાવે. આદિવાસી મુલકમાં ચોમાસામાં આછું પાતળું અનાજ પાકે. ઉનાળામાં આદિવાસી-એને પૂરક ખોરાક પૂરો પાડનારાં મહુડાં, ડોળી અને તાડી મળે. એટલે આદિવાસીઓ હોળીમાતાને સત્કારવા ખૂબ ઉત્સુક હોય છે. વનમાં અને ખેતરોમાં આંબા ફળે છે અને આદિવાસીઓને કેરીના બદલામાં નાણાં અને દાણાં મળે છે.

ધરમપુરના આદિવાસીઓ હોલિકાને માતા માને છે એમને સાંજ શણગાર કરે છે. એનો શણગાર લાકડાં, લાંબા વાંસના ઝાંખરાં, ખાખરા (પલાશ) ના ફૂલો તથા શિંગો, સૂપડું, માલપૂડા, છાણાં, નારિયેળ તથા ફૂલોથી કરવામાં આવે છે. વાંસની ટોચ પર વાટી અને હાડ્ડા (સાકર), ખજૂર વગેરે લટકાવવામાં આવે. આ બધી સામગ્રી પૂરતા પ્રમાણમાં રાખવામાં આવે છે જેનાં કારણે મધ્યમાં રાખવામાં આવેલ વાંસ ઝૂકી પડે છે. ત્યારે સ્ત્રીઓ ગાય છે-

ડોંગરી કનગુલી કનગુલી
કાઠી પીવળી વ ડોંગરી કનગુલી
કાસે ચે ભારચે બારચે
હોળી દમેલી વ કાસે ચે ભારચે ભારચે
કુલા ચે ભારચે બારચે
હોળી દમેલી વ કુલા ચે ભારચે ભારચે
ડોંગરી કનગુલી કનગુલી
કાઠી પીવળી વ ડોંગરી કનગુલી
કાસે ચે ભારચે બારચે
હોળી દમેલી વ કાસે ચે ભારચે ભારચે
પાપડી ચે ભારચે ભારચે
હોળી દમેલી વ પાપડી ચે ભારચે ભારચે
ડોંગરી કનગુલી કનગુલી
કાઠી પીવળી વ ડોંગરી કનગુલી
કાસે ચે ભારચે બારચે
હોળી દમેલી વ કાસે ચે ભારચે ભારચે
નારેળ ચે ભારેચ ભારેચ
હોળી દમેલી વ નારેળ ચે ભારેચ ભારેચ..

પંચાંગમાં જણાવેલ સમયે ગામના ભગત તથા વૃદ્ધોની હાજરીમાં પ્રગટાવવામાં આવે છે. ત્યાં એને નારિયેળનું નૈવેદ્ધ ધરાવવામાં આવે છે. પ્રગટેલ હોળી માતાને ફરતે નાચતાં-ગાતાં પાંચ ફેરા ફરવામાં આવે છે. ફેરા લગાવતી વખતે એને પૈસા તથા અક્ષત (ડાંગર)અર્પિત કરવામાં આવે છે. જેમણે માનતા-બાધા માની હોય કે તને ચઢાવવા વગર અમે મરવાં (કાચી નાની કેરી), કરમદાં વગેરે ખાઈશું નહીં, તે બધા આ વસ્તુઓ હોળી માતાને અર્પિત કરી, પગે લાગી પ્રણામ કરે ત્યાર બાદ જ કાચી કેરી અને ખાખટીઓ ખાય છે.

હોળીને પ્રગટાવવામાં આવે છે ત્યાં તુંબાંને ઊભાં રાખવા માટે એક ખાડો ખોદવામાં આવે. જેમાં પૂજા-અર્ચના કર્યા બાદ હોળીના મુહુર્ત રૂપે એક તુંબુંને ઊભું રાખવામાં આવે તથા તેને ટેકવીને બીજાં તુંબાં અથવા લાકડાં ગોઠવવામાં આવે. પૂજા દરમ્યાન ખાડામાં નારિયેળ નાંખવામાં આવે જેને હોલિકા દહન બાદ કાઢી લેવામાં આવે. જેનો ઉપયોગ મૂત્રરોગમાં દવા તરીકે થાય છે. જેમણે માનતા રાખી હોય, ઉપવાસ કર્યો હોય તેઓ હોલિકા દહન બાદ જ પારણું કરે. આમ હોળી પર્વ ખૂબ જ ઉમંગ-ઉત્સાહ તથા નાચ-ગાન સાથે ધામધૂમથી મનાવવામાં આવે છે. આ હોળીને મોટી હોળી તથા આનાં પહેલાં મનાવવામાં આવતી હોળીને નાની અથવા ફૂકડ હોળી કહેવામાં આવે છે.

હોળી પ્રગટાવ્યા બાદ ગામના છોકરા-
છોકરીઓ દરેક ઘરે જઈ ચોખા અને
નાગલીનો લોટ માંગી લાવી, હોળીના થાનકે
રોટલા બનાવી હળીમળીને આનંદથી ખાય.
સ્ત્રીઓ મોડે સુધી ગીતો ગાતી રહે-
હોળી માતાવ સાંગા, તુમી ફૂલડા માંગી લેવ,
હોળી માતા વ કાશેચી જરૂર આહે વ...
હોળી માતાવ નારેલ ચી જરૂર આહે વ...
હોળી માતાવ સાંગા, તુમી નારેલ માંગી લેવ,
હોળી માતાવ સાંગા, તુમી સેંદુર માંગી લેવ,
હોળી માતાવ સાંગા, તુમી અગરબત્તી માંગી
લેવ,
હોળી માતાવ સાંગા, તુમી કોંમડા માંગી લેવ,
હોળી માતાવ સાંગા, તુમી ફૂલડા માંગી લેવ,

( હોળી માતાને કહી દો. તમે ફૂલ લઈ આવ. હોળી માતાને શેની જરૂર છે? હોળી માતાને નારિયેળની જરૂર છે. હોળી માતાને કહી દો. તું નારિયેળ મંગાવી દે. હોળી માતાને સિંદુર, અગરબત્તી તથા ફૂકડાની જરૂર છે.)

હેળીમાતા આજે આવી છે ને કાલે તો જતી રહેશે! ગામના પટેલ ! ઝટ કર. હોળીમાતાને વધાવી લે. પટલેણ! ઝટ ઝટ હેળીમાતાને પૂંજી લે. આ જાય, આ જાય કહેતામાં હોળીમાતા જતાં રહેશે !!

'ઓળી આજ ને કાલ, ઓળી વૈ સાઈલાં રે !
ગામના પટલ ! ઓળી વધાવ, ઓળી વૈ સાઈલાં રે !
ગામની પટલેણ! ઓળી વધાવ, ઓળી વૈ સાઈલાં રે

કેસૂડાં જેવા રંગથી ઉષા સાથિયા પૂરે છે એ ઊગમણી દિશામાંથી હોળીમાતા આવ્યાં છે. ઝટ કરો! હોળીમાતા આ ચાલ્યાં !!

ગામના પટલીયા, એળી એળી કરતા, એળી આ સાલી રે !
ગામના વંતરીયા, ઓળીએ કરતા, ઓળી આ સાલી રે !
ગામના કોટવાળ, ઓળી ઓળી કરતા, ઓળી આ સાલી રે !

હોળીમાતા આપણે માટે રસકસ લઈને આવ્યાં છે. કેશૂડાંનો કેસરીરંગ, મહુડાંનો મધિયોરસ અને પૃથ્વી પરના અમૃત કેરીનો મીઠો રસ લાવ્યાં છે. ચાલો, આપણે હોળી-માતાને વધાવીએ!! પ્રકૃતિ નો કુદરતનો આભાર આમ ગાઈ વગાડીને માનનારા આ મનેખ સાચે ઉત્તમ વારસી જાળવીને બેઠા છે.

'શેને ને રસ લાયવાં રે ?ઓળીમાતા પરદેશી !
સીહોળિયો રસ લાયવાં રે,ઓળીમાતા પરદેશી !
મોવડીયો રસ લાયા રે, ઓળીમાતા પરદેશી !
કેરીઓ રસ લાયવાં રે,ઓળીમાતા પરદેશી !

હોળીનો હલવો

હોળીના દિવસે હોળી પ્રગટાવ્યા પછી હોળીચકલે સ્ત્રીઓ અને પુરુષો નાચે છે. આવા નાચ તડવી વસાહતમાં હવે બંધ પડ્યા છે. મેવાસના ભીલોમાં પણ પુરુષ એકલા નાચે છે. પાલપ્રદેશના રાઠવા જાતિમાં સ્ત્રીઓ અને પુરુષોનાં નૃત્યો થાય છે.

હોળીનાં નૃત્યો વખતે ગવાતાં ગીતોને હોળીનો હલવો' કહે છે. આ ગીતો કોટીવાવ તા. જેતપુર-પાવી ગામેથી શ્રી ભગવાનભાઈ જીવાભાઈ કોળીએ ઈ. સ. ૧૯૭૧માં સંગ્રહેલાં છે.

વેવાણની ઠઠ્ઠામશ્કરી કરતું ગીત છે એક મારી વાડે વાલોળના વેલા છે. વેવાણુ વાલોળા વીણવા આવી છે. હું પાછળ પડયો. વેવાણ રડતી રહતી નાડી, આ મરદ બોલાવતો બોલાવતો પાછળ પડ્યો !

વાડનો વેલો રે, ઊભી વાડે જાય શે.
વેવૉણીને દોડું રે, ઊભી વાડે જાય શે.
આગાળ વેવૉણી રડતી જાય શે.
પાશળ મરઘો બોલાવતો જાય શે.

રોજ રોજ મારી વાલોળો વીણી જતી હતી. ચોળાના વેલા તોડી નાખતી હતી. પણ આજે તો નાસવા જતાં વેલામાં ગૂંચવાઈને પડી ગઈ! આ મરદે (શૂરાએ) પકડી લીધી!

મારા વાડામેં જાજા વાલારિયા.
વેલો તૂટી જાય, ચારો તૂટી જાય;
વાડામેં વેલો.
મારા વાડામેં વેવાણી આવેલી,
વેલે ગુચાય પડી;
મરઘે ઝાલી લીધી ! વાડામેં વેલો.

અરવલ્લી જિલ્લા અને સાબરકાંઠા જિલ્લામા ખુબજ ઉત્સાહથી હોળી ઉજવવામાં આવે છે. હોળીગીતમાં કુટુંબજીવન અને સામૂહિક ભાવનાનો એક હૃદયસ્પર્શી અંશ છુપાયેલો છે. આદિવાસીઓમાં હોળીનું મહત્વ ઘણું છે. એ દિવસોમાં ટોળ (ઘેરૈયા)ની ગેર નીકળે છે ને ગાય છે. ઢોલ પર ડાંડી પડતાં 'હીહીહીહી' સાથે ગેરિયા નાચવા માંડે છે.

ડુંગર ઉપર મરચી રોપી, ઝીણાં ઝીણાં પાનાં રે;
ઝીણાં ઝીણાં પાન ગેરિયા, ધીમા ધીમા નાચો રે.
અમારા ગેરિયા તરસ્યા થ્યા, વેરી' બતાવી મેલો રે,
ઉંચલી વેરી કાગળ બોરી, નીચલી વેરી સાંખી રે.
પાવું હોય તો પાજો, નીકર ઘોડેલો પાછો વાળો રે.
જળ જાંબુડાનો નમતો છાંયો, ઝીણાં ઝીણાં પાનાં રે,
અમારા ગેરિયા તરસ્યા થ્યા, વેરીનું પાણી લાવો રે;
પીતો વૈતા પીજોરા ગેરિયા, ઘોડેલો પાછો વાળો રે.
ડુંગર ઉપર મરચી વાવી, ઝીણાં ઝીણાં પાનાં રે,
લીંબડે આવી લીંબોળી, ને કેળમાં ઝીલી વીંઝોળી;
ડુંગર ઉપર મરચી વાવી, ઝીણાં ઝીણાં પાનાં રે

હોય બાય બા કાય લેય એની રીંગલી લોલીયાં રોય ટેકરા.
જોડ જોડ ચીમટી ગુલાલ લેય એની રીંગલી લોલીયાં રોય ટેકરા.
જોડ જોડ બા નરાબે લેય એની રીંગલી લોલીયાં રોય ટેકરા.
જોડ જોડ લોલારા લેય એની રીંગલી લોલીયાં રોય ટેકરા.
જોડ જોડ લોલારીઓ લેય એની રીંગલી લોલીયાં રોય ટેકરા.
જોડ જોડ હિજડા લેય એની રીંગલી રીંગલી લોલીયાં રોય ટેકરા.
આમે બા નાય ફીઈજે, રીંગલી લોલીયાં રોય ટેકરા.
હોળી બાયબા ફીયાડે રીંગલી લોલીયાં રોય ટેકરા.
હોળી બાયે નાવાંસે એના રીંગલી લોલીયાં રોય ટેકરા.
આમે બા નાય માંગજે રીંગલી લોલીયાં રોય ટેકરા.

હોળી બાયબા માંગા હાડે રીંગલી લોલીયાં રોય ટેકરા.
આમે બા નાય નાચજે રીંગલી લોલીયાં રોય ટેકરા.
હોળી બાયબા ના ચાડે રીંગલી લોલીયાં રોય ટેકરા.

માનવજીવનને રસમય અને કૃતાર્થ બનાવવા માટે કળા આવશ્યક છે, અને આદિવાસીઓમાં ડગલે ને પગલે એ કળા ના દર્શન થાય છે તેઓ 'જીવન ખાતર કળા'માં માને છે,પ્રકૃતિને આટલી ઓળઘોળ જીવનમાં ઓતપ્રોત થઈને રહેનારા આ આદિવાસીઓ શ્રેષ્ઠ મનુષ્ય ના ગુણ ધરાવે છે. હોળી દેવીની પણ માનતાઓ રાખવામાં આવે છે. હોળીના તાપથી રોગ દૂર થઈ જાય છે, એવી લોકશ્રદ્ધા છે. હોળીને દિવસે ભૂખ્યા રહેવાની, હોળીમાં કોપરાની કાચલી કે નાળિયેર નાખવાની અને ચૂલ ચાલવાની માનતા રાખવામાં આવે છે. જે ગામની નજીક ચૂલના મેળા ન ભરાતા હોય ત્યાંના લોકો પોતાના ગામે જ હોળીને દિવસે હોળી નજીક નાની ખાઈ ખોદે છે. તેમાં લાકડાં સળગાવી અંગારા અનાવે છે. માનતા રાખનારાં ધગધગતા અંગારા ઉપર ચાલે છે."

હોળીના ઉત્સવમાં રંગરાગને ઘણી અગત્ય અપાતી હોય છે. બે ઋતુઓનો સંક્રાંતિકાળ રંગરાગનો પોષક ગણાય છે. રંગરાગના પ્રાકટ્યને માનવીની કામવૃત્તિ સાથે ગાઢ સંબંધ છે. રંગરાગના આવિષ્કારો માટે આકર્ષક વાણી અને વ્યવહાર એ દૃષ્ટિએ જ કામસ્વરૂપને પ્રગટ કરતા શબ્દો દ્વારા વ્યક્ત થતા આ પ્રસંગે દેખાય છે. હોળીનો તહેવાર ગ્રામજનો ખૂબ ધામધૂમથી ઊજવે છે. તે દિવસે ઉપવાસ કરી ધાણી-ચણા, ખજૂર-કોપરું ખાય છે. રાત્રે હોળીપૂજન પછી જમે છે. જમ્યા પછી આદિવાસી સ્ત્રી-પુરુષે હોળીચકલે ભેગાં થાય છે. મોટો ઢોલ 'માંદવ થાળી અને પીસવા વગાડતાં જઈ આખી રાત ધીમે ધીમે નાચે છે.

હોળીના તહેવારને લીધે હોળીને દિવસે, હોળીને બીજે દિવસે, હોળીને ત્રીજે દિવસે, હોળીને પાંચમે દિવસે હોળીને છઠ્ઠે દિવસે અને હોળીના સાતમા દિવસે પણ મેળા ભરાતા હોય છે, ધૂળેટીને દિવસે થતા હોવાથી અને મેળામાં ચૂલમાં ચાલવાની માનતા છોડવાનો મુખ્ય કાર્યક્રમ હોય છે, તેથી આ મેળા ચૂલના મેળા કહેવાય છે. પાવીમાં હોળી પ્રગટાવ્યા પછી નાનો મેળો ભરાય છે. આ આદિવાસીઓ ખૂબ નાચે-કૂદે છે. જીવનનો ઉલ્લાસ માણે છે, પ્રકૃતિદત્ત સર્વે વસ્તુનો ઉપભોગ કરીને શહેરના લોકોની જેમ મોઢું ફેરવી નથી લેતો પરંતુ પોતના જીવનમાં ડગલે ને પગલે એ ઉપકારનો બદલો વાળે છે. પોતાની સંસ્કૃતિને ધર્મ સાથે સામાજિક જોડાણ મજબૂતીથી જોડાઇ રહે છે. એમનો ઉછેર પ્રકૃતિના ખોળે થાય છે,એમનું જીવન પ્રકૃતિના ખોળે પાંગરે છે,એટલે એમનું જીવન પ્રકૃતિના ઋતુચક્ર પ્રમાણે ચાલે છે. આદિવાસીઓ લોકગીત, લોકસંગીત, લોકઉત્સવ, લોકનૃત્ય ને કળા તરીકે નહીં જીવન વ્યહવાર તરીકે જ મૂલવે છે.

**સંદર્ભ**

કવાંટ તાલુકાના રાઠવાના લોકગીતો
શંકરભાઇ તડવી લોકગુર્જરી અંક ૧૬
પીઠોરો આદિવાસી રાઠવાનો એક દેવ : શ્રી
અરવિંદ ભટ્ટ લોકગુર્જરી અંક ૬
રાઠવા સમાજના લોકઉત્સવો : પરિચય અને
પ્રસ્તુતિગીતો ડીમ્પલ પટેલ લોકગુર્જરી
રૂબરૂ મુલાકાત : ભીલુભાઈ નાથિયા ભાઈ
રાઠવા ખજૂરિયા તા. જિ. છોટાઉદેપૂર